Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષયાનુક્રમણિકા.


૧ અનુપમ યાદ. ... ... ... ( અભિલાષિ )... ... ... ૭૭

૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ( મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ )... ... ૭૮

૩ સુધારો. ... ... ... ... ... ... ... ૮૦

૪ દ્રવ્યગુણપર્યાય વિવરણ. ( શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા ) ... ૮૧

૫ જ્ઞાતિ અને તેનો ઉદય. .. ( કલ્યાણભાઇ દલસુખભાઇ ઝવેરી બી. એ. )... ૮૪

૬ શ્રી શત્રુંજય તીર્થઉદ્ધાર પ્રબંધ. ( આત્મવલ્લભ ) ... ... ૮૯

૭ સમવસરણ રચના. ...( માસિક કમીટી. ) ... ... ... ૯૨

૮ સદ્‌ગુરૂ તથા સચ્છાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા. ( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ) ૯૩

૯ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૯૭

૧૦ શ્રીકુમારપાળ રાજા કૃત સ્તુતિ રહસ્યાત્મક પદ્યાનુવાદ. (કસ્તુરચંદ હેમચંદ દેશાઇ.) ૯૮

૧૧ સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... ... ૧૦૦


## નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

૧ શેઠ શ્રી કોરશીભાઈ વીજપાળ .... .... .... લઇફ મેમ્બર.

૨ શાહ અનુપચંદ ઝવેરભાઇ .... .... .... ,, ,,

૩ શાહ ચમનલાલ ઝવેરભાઇ ... .... ... ,, ,,

**સુચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

( માસિક કમીટી. )

ભાવનગર ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### [illegible]ન ઉત્સવના લાભાર્થે

## ઘટાડેલા ભાવો.

નીચેનાં જૈન પુસ્તકો જેની દરેકની એક ઉપરાંત ઘણી આવૃતિઓ થયેલ છે તે જ તેના ઉપયોગીપણાની સાબીતિ છે, જેની દશ દશ હજાર નકલો ખપી ગઇ છે તેજ તેનો પુરાવો છે તો ભુલાશો તો રહી જશો.

| | મૂળ કીંમત | ઘટાડેલા ભાવ |
|---|---|---|
| જૈન સજ્ઝાયમાળા ભાગ ૧-૨-૩-૪ ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| કર્મ પરીક્ષા ને દૈવી ચક્રનો ચમત્કાર ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| તિર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃતિ ૨ જી ... ... | ૨-૮-૦ | ૨-૦-૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃતિ ૩ જી ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના ... ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| જૈન કાવ્ય સંગ્રહ ભાગ ૭ મો ... ... ... | ૦-૮-૦ | ૦-૬-૦ |
| અમૂલ્ય શિક્ષા ... ... ... ... ... | ૦-૮-૦ | ૦-૪-૦ |
| જૈન સુબોધ ભકિતમાળા આવૃતિ બીજી ... ... | ૦-૫-૦ | ૦-૩-૦ |
| વૈરાગ્ય શતક ભાષાંતર ... ... ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| સૂયગડાંગ સૂત્રનું ભાષાંતર ભાગ ૧ લો ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| નિત્ય નિયમની પોથી ... ... ... ... | ૦-૩-૦ | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાયનાં દરેક પુસ્તકો જૈન તેમજ જૈનેતર ઘણા જ કીફાયતથી મળશે. વધુ હકીકત સારૂ ટપાલથી લખો જુના અને જાણીતા જૈન બુકસેલર—

**બાલાભાઇ છગનલાલ શાહ.**

ઠે० કીકાભટ્ટની પોળ, મુ० **અમદાવાદ.**

---

( पूज्य श्री संघदासगणि-वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्ड प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा—सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५७. कार्तिक. आत्म सं. ३५. { अंक ४ थो.

## અનુપમ યાદ.

પ્રાત: પ્રભા આ નવીન વર્ષે દિવ્યતા દર્શાવતી,
'મહાવીર ને વિક્રમ' તણી જે 'યાદ અનુપમ' આપતી;
"મહાવીર મુક્તિ પ્રયાણ વિક્રમ પ્રજાવત્સલ પ્રેમથી",
યોગી અને એ રાજવીની જોડ જગમાંહી નથી. ૧
એ યોગીને ભોગીતણા 'ચારિત્ર પર' દૃષ્ટિ કરો,
માર્ગાનુગામી કાજ ભ્રાત ! ચરણ શુદ્ધિ આચરો;
આ પૃથ્વી પટ્ટપર દેહ રૂપે અસ્તિ જેની છે નહીં,
ગુણ રૂપ પુષ્પ સુગંધથી અસ્તિત્વતા પ્રસરી રહી. ૨
અતિ બોધદાયક અન્ય એવા સુહૃદ જ્યાં જગમાં નથી,
"દૃષ્ટાન્ત કર દાષ્ટાન્તથી છે ફલિત જીવન એહથી";
એ પ્રેરણાત્મક પૂણ્ય પાવન જાગૃતિ જ્યાં જન્મશે,
આન્દોલનો ત્યાં પ્રબળ વેગે આત્મરસ રેલાવશે. ૩

વિક્રમાબ્દ ૧૯૮૭ }
મહાવીર સં. ૨૪૫૭ }
પ્રારંભ પ્રાત: સમય }

અભિલાષી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગત વર્ષના અંક ૧૦ ના ૨૫૨ મા પૃષ્ઠ થી શરૂ. )

## શ્રી મહાવીર પ્રભુનો છદ્મસ્થવિહાર-ઉપસર્ગો, ગોશાળાનું ચરિત્ર.

### શ્રી ભગવતી સૂત્ર શતક ૧૫ મું.

તે કાલે અને તે સમયે **શ્રાવસ્તી** નામે નગરી હતી. વર્ણન. તે શ્રાવસ્તી નગરીની ઉત્તર-પૂર્વ દિશાએ ( ઇશાન કોણમાં ) કોષ્ટક નામે ચૈત્ય હતું. વર્ણન. તે શ્રાવસ્તી નગરીમાં આજીવક મતની ઉપાસિકા **હાલાહલા** નામે કુંભારણ રહેતી હતી. તે ઋદ્ધિવાળી યાવત્-કોઇથી પરાભવ ન પામે તેવી હતી. તેણે આજીવિકના સિદ્ધાંતનો અર્થ ( રહસ્ય ) ગ્રહણ કર્યો હતો, અર્થ પૂછયો હતો અને અર્થનો નિશ્ચય કર્યો હતો. તેના અસ્થિનીમજ્જા પ્રેમ અને અનુરાગવડે રંગાએલી હતી. "હે આયુષ્યમાન ! આજીવિકના સિદ્ધાંતરૂપ અર્થ તેજ ખરો અર્થ છે અને તેજ પરમાર્થ છે, બાકી સર્વ અનર્થ છે." એ પ્રમાણે તે આજીવિકના સિદ્ધાંતવડે આત્માને ભાવિત કરતી વિહરતી હતી. તે કાલે અને તે સમયે ચોવીસ વર્ષના દીક્ષાપર્યાયવાળો **મંખલિપુત્ર** ગોશાલક હાલાહલા નામે કુંભારણના કુંભકારાપણ-હાટમાં આજીવિકના સંઘવડે પરિવૃત થઇ આજીવિકના સિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો વિહરે છે. તે વખતે તે મંખલિપુત્ર ગોશાલકની પાસે અન્ય કોઇ દિવસે આ છ દિશાચરો આવ્યા. તે આ પ્રમાણે (૧) શાન. (૨) કલંદ. (૩) કર્ણિકાર. (૪) અછિદ્ર. (૫) અગ્નિવેશ્યાયન અને (૬) ગોમાયુપુત્ર અર્જુન. ત્યારપછી તે છ દિશાચરોએ પૂર્વશ્રુતમાં કહેલા આઠ પ્રકારના નિમિત્ત, નવમા ગીતમાર્ગ અને દશમા નૃત્યમાર્ગને પોતપોતાની મતિના દર્શનવડે ( પૂર્વશ્રુતમાંથી ) ઉદ્ધરી મંખલિપુત્ર ગોશાલકનો શિષ્યભાવે આશ્રય કર્યો. ત્યારબાદ તે મંખલિપુત્ર ગોશાલક તે અષ્ટાંગ મહાનિમિત્તના કંઇક સ્વલ્પ ઉપદેશવડે સર્વપ્રાણીઓ, સર્વભૂતો, સર્વ જીવો અને સર્વ સત્ત્વોને આ છ બાબતના અનતિક્રમણીય-અન્યથા ન થાય તેવા ઉત્તર આપે છે, તે છ બાબત આ પ્રમાણે—(૧) લાભ. (૨) અલાભ. (૩) સુખ. (૪) દુઃખ. (૫) જીવિત અને (૬) મરણ. ત્યારપછી તે મંખલિપુત્ર ગોશાલક અષ્ટાંગ મહાનિમિત્તના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇક એવા ઉપદેશમાત્રવડે શ્રાવસ્તી નગરીમાં અજિન છતાં "હું જિન છું" એમ પ્રલાપ કરતો, અર્હંત્ નહિ છતાં "હું અર્હંત્ છું" એમ મિથ્યા બકવાદ કરતો, કેવલી નહિ છતાં "હું કેવલી છું" એમ નિરર્થક બોલતો સર્વજ્ઞ નહિ છતાં "હું સર્વજ્ઞ છું" એમ મિથ્યા કથન કરતો અને અજિન છતાં જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે.

ત્યારબાદ શ્રાવસ્તી નગરીના શૃંગાટકના આકારવાળા ત્રિક અને યાવત્-રાજમાર્ગોને વિષે ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે. યાવત્ એમ પ્રરૂપે છે કે—"હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર મંખલિપુત્ર ગોશાલક જિન થઇને પોતાને જિન કહેતો, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તો એ પ્રમાણે કેમ માની શકાય ?" તે કાલે તે સમયે મહાવીરસ્વામી સમોસર્યા; યાવત્-પર્ષદા (વાંદીને) પાછી ગઈ. તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી (શિષ્ય) ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ નામે અનગાર યાવત્ છઠ્ઠ છઠ્ઠને પારણે ઇત્યાદિ બીજા શતકના નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-ગોચરી માટે ફરતા ઘણા માણસોનો શબ્દ સાંભળે છે. ઘણા માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે કે-"હે દેવાનુપ્રિય ! ખરેખર મંખલિપુત્ર ગોશાલક જિન થઇને પોતાને જિન કહેતો, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તો એ પ્રમાણે કેમ માની શકાય ?" ત્યારબાદ ભગવાન ગૌતમ ઘણા માણસો પાસેથી આ વાત સાંભળીને અને અવધારીને શ્રદ્ધાવાળા થઇ યાવત્-ભાતપાણી દેખાડી યાવત્-પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા "એ પ્રમાણે ખરેખર હે ભગવન ! હું છઠ્ઠ છઠ્ઠને પારણે ઈત્યાદિ પૂર્વોક્ત કહેવું, યાવત્-તે ગોશાલક જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે, તો હે ભગવન્ ! એ પ્રમાણે કેમ હોય ! માટે હે ભગવન્ ! મંખલિપુત્ર ગોશાલકનો જન્મથી આરંભીને અન્તસુધીનો આપનાથી કહેવાયેલો વૃત્તાન્ત સાંભળવા ઇચ્છું છું. "હે ગૌતમ !" એ પ્રમાણે કહી શ્રમણ **ભગવાન્ મહાવીરે ભગવંત** ગૌતમને આ પ્રમાણે કહ્યું-"હે **ગૌતમ** ! જે ઘણા માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે કે એ પ્રમાણે ખરેખર મંખલિપુત્ર ગોશાલક જિન થઇને અને પોતાને જિન કહેતો યાવત્ જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તે મિથ્યા-અસત્ય છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું, યાવત્-પ્રરૂપું છું." એ પ્રમાણે ખરેખર આ મંખલિપુત્ર ગોશાલકનો **મંખલિનામે મંખજાતિનો** પિતા હતો. તે મંખલિનામે મંખને **ભદ્રા** નામે સ્ત્રી હતી. તે સુકોમલ હાથ-પગવાળી, યાવત્-પ્રતિરૂપ-સુંદર હતી ત્યારબાદ તે ભદ્રા નામે સ્ત્રી અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઇ. તે કાલે અને તે સમયે સરવણ નામે ગામ હતું. તે ઋદ્ધિવાળું, ઉપદ્રવરહિત, યાવત્-દેવલોક સમાન પ્રકાશવાળું અને મનને પ્રસન્નતા આપનાર હતું. તે સરવણ નામે ગામને વિષે **ગોબહુલ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનિક, યાવત્-કોઇથી પરાભવ ન પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવો અને ઋગ્વેદ ઇત્યાદિ–યાવત્–બ્રાહ્મણના શાસ્ત્રોને વિષે નિપુણ હતો. તે ગોબહુલ બ્રાહ્મણને એક ગોશાલા હતી. તે વખતે તે મંખલિનામે મંખભિક્ષાચર અન્ય કોઇ દિવસે ગર્ભિણી એવી ભદ્રા નામે સ્ત્રી સાથે ચિત્રનું પાટીઉં હાથમાં લઇ ભિક્ષાચરપણાવડે આત્માને ભાવિત કરતો અનુક્રમે વિચરતો એક ગામથી બીજે ગામ જતો જ્યાં સરવણ નામે સન્નિવેશ–ગ્રામ છે અને જ્યાં ગોબહુલ નામે બ્રાહ્મણની ગોશાલા છે ત્યાં આવ્યો; ત્યાં આવીને ગોબહુલ નામે બ્રાહ્મણની ગોશાલાના એક ભાગમાં પોતાનું રાચરચીલું મૂક્યું, મૂકીને સરવણ નામે ગામમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળના ઘર સમુદાયમાં ભિક્ષાચર્યા માટે ફરતો રહેવા માટે ચોતરફ સ્થાનની ગવેષણા કરવા લાગ્યો, ચોતરફ ગવેષણા કરતાં કોઇપણ સ્થળે રહેવાનું સ્થાન નહિ મળતાં તેણે ગોબહુલ બ્રાહ્મણની ગોશાલાના એક ભાગમાં વર્ષાઋતુ માટે આવાસ કર્યો. તે વખતે તે ભદ્રાનામે સ્ત્રીએ પૂરા નવ માસ અને સાડા સાત દિવસ વીત્યા બાદ સુકોમલ હાથ–પગવાળા અને યાવત્–સુન્દર એવા પુત્રને જન્મ આપ્યો. ત્યારબાદ તે બાળકના માત–પિતાએ અગિયારમો દિવસ વીત્યા પછી યાવદ્–બારમે દિવસે આ આવા પ્રકારનું ગુણયુક્ત અને ગુણનિષ્પન્ન નામ પાડયું કારણ કે " આ બાળક ગોબહુલ નામે બ્રાહ્મણની ગોશાલામાં ઉત્પન્ન થયો છે, માટે આ બાળકનું નામ ગોશાલક હો " એમ વિચારી માતપિતાએ તે બાળકનું "ગોશાલક" એવું નામ પાડયું. ત્યારબાદ તે ગોશાલક નામે બાળક બાલ્યાવસ્થાનો ત્યાગ કરી વિજ્ઞાનવડે પરિણત મતિવાળો થઈ યૌવનને પ્રાપ્ત થયો અને પોતે જ સ્વતંત્ર ચિત્રપટ હાથમાં લઇ મંખપણાવડે આત્માને ભાવિત કરતો વિહરવા લાગ્યો. ( ચાલુ )

## —: સુધારો :—

**સમવસરણ રચના**—ગતાંક પૃષ્ઠ ૬૮ લીંટી ૬ " પીઠથી ભગવાનના સિંહાસનસુધી જવાના દશહજાર પગથીયા છે. " આ તથા લીંટી ૯ " દરવાજાની આગળ ત્રણ પગથીયાં છે. " એ ભાગ રદ સમજવો. લીંટી ૧૦ " ઉપર " ને બદલે મધ્ય સમજવું. લીંટી ૧૭ " બારગુણાથી " ને બદલે બારગુણું ઉંચું અને એમ વાંચવું.

**શ્રી ચંદ્રપ્રભ ચરિત્રની** સમાલોચના ગયા અંકના પા. ૭૬ માં આવેલ છે તેમાં ગ્રંથના સંપાદક તથા સંશોધક શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પ્રશિષ્ય પંન્યાસ મહારાજ શ્રી ઉમંગ-વિજયજી છપાયેલ છે; પરંતુ તે ગ્રંથના સંશોધક તથા સંપાદક મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજ છે કે જેમણે ઘણો જ પરિશ્રમ લઇ આ ગ્રંથનું સંશોધન કરી જૈન ઐતિહાસિક સાહિત્યમાં અભિવૃદ્ધિ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# द्रव्य गुण पर्याय–विवरण*

( ફક્ત આત્માનંદ પ્રકાશ માટે )

( લે૦ શંકરલાલ ડાયાભાઇ કાપડીયા–સુપરીન્ટેન્ડેન્ટ, શ્રી જૈન ગુરૂકુળ, પાલીતાણા.)

## અનુયોગ વિચારણા.

જૈન શાસ્ત્રમાં ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ અને દ્રવ્યાનુયોગ એવા ચાર અનુયોગ સૂત્રાર્થ વ્યાખ્યાન અર્થે કહ્યા છે તેમાં દ્રવ્યાનુયોગ સર્વથી શિરોમણિ અને સર્વોત્તમ કહ્યો છે કારણ કે તેનાથી સ્વપરનું જ્ઞાન થાય છે અને તેના આચરણથી, તેમાં તલ્લીન થવાથી ઘણા આધાકર્માદિ દોષ લાગતા નથી. દ્રવ્યાનુયોગ તે સ્વ સમય-પરિજ્ઞાન, આત્મિક–અનુભવ અને

* આ લેખ લેખકની રજા સિવાય કોઇએ છપાવવો નહિ.

નોટ:—શ્રીમાન્ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે "દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ" રચેલો અને તેનું જૈન વિજય પત્રના અધિપતિ સદ્દગત મોહનલાલ. અમરશી શેઠે વિવેચન કરેલું છે તે ઉપરથી આ લેખ વિવેચન કર્ત્તાના લખાણ ઉપરથી મનન કરી તે અનુસાર તેનો ભાવાર્થ પ્રાયઃ તેના શબ્દમાં સરલ અને ટુંક સ્વરૂપમાં જૈન-જનતા સમક્ષ રજુ કરેલ છે જેથી તેના અભ્યાસી ઘણા લાભ લઇ શકે અને આવા અપૂર્વ અને અદ્વિતીય ગ્રંથો જે પ્રાયઃ કબાટમાં મુકી રખાય છે તેના બદલે તેનો છુટથી અને બહોળા પ્રમાણમાં ફેલાવો થાય તેજ પરમાર્થ હેતુથી આ લેખની પ્રવૃત્તિએ જન્મ લીધો છે. આ લેખમાં ગ્રંથકર્ત્તાના આધારે વિવેચન કર્ત્તાની મતલબ સિવાય કોઇપણ જાતની મતિ કલ્પનાને અવકાશ આપ્યો નથી: છતાં તેમાં કંઇ દોષ કે ક્ષતિ જણાય તો લેખકને જણાવી આભારી કરશો. આ લેખમાં વિવેચન કર્ત્તાના પુસ્તકમાંથી પાના ૧ લાથી તે ૨૩ પાના સુધીનો ભાવ આલેખવામાં આવ્યો છે. બાકીનો હવે પછી આજ માસિકમાં આપવામાં આવશે.

આ રાસ વિષે એક એવી દંતકથા છે કે અન્યમતના આચાર્યોએ જૈનોના રાસનું ઉપહાસ્ય કર્યું હતું, તેથી શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયે આ ન્યાયનો અને દ્રવ્યાનુયોગનો ગહન વિષય એક સાદા રાસના આકારમાં રચીને તૈયાર કર્યો અને મહાન્ તત્વજ્ઞોને–વિદ્વાનોને પણ તેમણે હેરત પમાડી દીધા. આ ભાષારૂપે રચાયેલા ગ્રંથ પરથી સમર્થ ભોજ કવિએ દ્રવ્યાનુયોગ તર્કણા નામનો સંસ્કૃત ગ્રંથ લખેલો છે અને તેના ઉપર ટીકા લખેલી છે. શ્રીમાન્ મહોપાધ્યાયજીએ ન્યાયના અપૂર્વ ગ્રંથો લખેલા છે તે પૈકી આ દ્રવ્યગુણ પર્યાયનો રાસ એ પણ ઘણો ગહન અને અપૂર્વ ગ્રંથ છે. S. D. Kapadia.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજરૂપમાં રમણતા સૂચવે છે. જેઓ આત્મવિચારણા કરી પાર પામી ગયા છે અને જેઓ આત્મજ્ઞાન મેળવવામાં અતિશય ઉત્સુક અને ઉત્સાહુવંત હોય છે અને સદ્ગુરૂના ચરણમાં જેઓ આધીન થઈને સમયે સમયે દ્રવ્યાનુયોગમાં લીન થાય છે તેઓ જ સાધુ કહેવાય છે

## નિજ જાતિરૂપ દ્રવ્ય.

ગુણ પર્યાયના સ્થાનક રૂપ જે દ્રવ્ય છે તે ત્રણે કાળ વિષે એક રૂપે રહે અને પોતાના સ્વ સ્વભાવને મૂકીને પરભાવપણું અંગિકાર કરે નહિ તેવા પ્રકારના દ્રવ્યને સ્વ સ્વભાવ રૂપ દ્રવ્ય કહેવાય છે.

ગુણ:—દ્રવ્યના સ્વાભાવિક ધર્મને ધારણ કરે તે ગુણ કહેવાય છે. અને ક્રમભાવી ધર્મ તે **પર્યાય** કહેવાય છે. દ્રવ્યગુણ અને પર્યાય ભિન્ન છે અને લક્ષણાદિકથી અભિન્ન પણ છે.

## દ્રવ્યોના ગુણ અને પર્યાયો.

(૧) જીવદ્રવ્યનો ગુણ ઉપયોગ ગુણ છે. (૨) અજીવ યા પુદ્ગલ દ્રવ્યનો ગુણ ગ્રહણગુણ છે, (૩) ધર્માસ્તિકાયનો ગતિહેતુ ગુણ છે. (૪) અધર્માસ્તિ કાયનો સ્થિતિ હેતુરૂપ કારણ ગુણ છે. (૫) આકાશાસ્તિકાયનો અવકાશ આપવાનો ગુણ છે અને (૬) કાળનો પરાવર્તન ગુણ છે.

ઉપરોક્ત છ દ્રવ્યના પર્યાયમાં જીવના નરક, મનુષ્યાદિક; પુદ્ગલના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે સિવાય આકાશ, ધર્માસ્તિ કાય અને અધર્માસ્તિકાયના જીવ અને પુદ્ગલ સાથે જીવ અને પુદ્ગલની ક્રિયા અનુકૂળ જે સ્હાય તે તેના પર્યાયો છે. દાખલા તરીકે એક માણસ જ્યાં બેઠો હોય ત્યાં આકાશ અને અધર્માસ્તિકાય સંયોગરૂપે રહે તેથી તે સંયોગાકાશ અને સંયોગિક અધર્માસ્તિકાય કહેવાય, હવે તે માણસ જ્યારે ત્યાંથી અન્યત્ર જાય ત્યારે આકાશાસ્તિકાય અને અધર્માસ્તિકાય વિભાગરૂપે રહે છે. આ વિગેરે છ દ્રવ્યના પર્યાયો છે અને આ પર્યાયો (૧) સંખ્યાથી (૨) લક્ષણથી અને (૩) પ્રદેશ વિભાગથી ત્રણ પ્રકારે છે અને ઉપચારથી નવ પ્રકારે છે. આ દ્રવ્ય, ગુણ અને પર્યાય તે પરસ્પર કથંચિત ભિન્ન છે અને કથંચિત અભિન્ન છે. દાખલા તરીકે મોતીની એક માળા લો. મોતીની માળા એક દ્રવ્યને સ્થાને છે. મોતીની ઉજ્જ્વલતા તે ગુણને સ્થાને છે. અને મોતી તે પર્યાયને સ્થાને છે. આવી રીતે દરેક પદાર્થમાં-દ્રવ્ય, ગુણ અને પર્યાય ઘટાવી શકાય.

## દ્રવ્યમાં ઉપયોગ.

દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ ઉપયોગ હોય છે. દાખલા તરીકે ઘટમાં માટી તે સામાન્ય ઉપયોગ છે અને ઘટ તે વિશેષ ઉપયોગ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દ્રવ્યના પ્રકાર.

દ્રવ્યના બે પ્રકાર છે (૧) ઉર્દ્ધતા સામાન્ય દ્રવ્યશકિત અને (૨) તિર્યક સામાન્ય દ્રવ્ય. માટીનો પિંડ, કોઠી આદિ માટીના અનેક આકાર બદલાય છે; પરંતુ તેમાં રહેલી માટી તે બદલાતી નથી તે માટીને ઉર્દ્ધતા સામાન્ય દ્રવ્ય કહે છે. ઘટાદિમાં માટી જો અનુગત ના કહો તો જે સામાન્ય છે તે વિશેષ રૂપ થાય અને આથી તો 'બુદ્ધનો ક્ષણિક વાદ સિદ્ધ થાય. વળી ઘટ જે દ્રવ્ય છે તે રકતાદિ રંગરૂપ થોડા પર્યાયને વ્યાપીને રહે છે અને માટી જે દ્રવ્ય છે તે ઘટાદિ અને રક્તાદિ અનેક પર્યાયને વ્યાપી રહે છે. જેમ જીવ નરકાદિપણાને પામે છે તેવી રીતે.

**તિર્યક સામાન્ય દ્રવ્ય**:—એટલે જુદા જુદા પ્રદેશવાળા જે પર્યાયો છે તેમાં પોતાની શક્તિને દ્રવ્ય એકાકારપણે રાખે છે તેને તિર્યક સામાન્ય દ્રવ્ય કહે છે. જેવી રીતે ઘટ પર્યાય છે અને તેમાં માટીરૂપ દ્રવ્ય અનુગત છે, તોપણ ઘટમાં તે ઘટપણે ઘટત્વ રાખે છે. આથી સમજવું કે જ્યાં દ્રવ્ય અને પર્યાય એકજ રૂપે દેખાય છે તે તિર્યક સામાન્યરૂપ દ્રવ્ય કહેવાય છે.

**શંકા**:—કોઇ શંકા કરે કે ઘટાદિ ભિન્ન વ્યક્તિમાં ઘટપણું સામાન્ય છે તેમાં પિંડ અને કોઠીમાં માટી પણ એક સામાન્ય છે તોપછી તિર્યક સામાન્ય અને ઉર્દ્ધતા સામાન્ય એમ જુદા કહેવાની શી જરૂર હશે ?

**ઉત્તર**:—આનો ઉત્તર આપતાં ગ્રંથકર્તા કહે છે કે જ્યાં એકાકાર પ્રતિત ઉપજે ત્યાં તિર્યક સામાન્ય અને જ્યાં કાળભેદે અનુગતાકારે પ્રતિત ઉપજે ત્યાં ઉર્દ્ધતા સામાન્ય કહેવું.

## ઉર્દ્ધતા સામાન્યના ભેદ.

ઉર્દ્ધતા સામાન્ય જે શક્તિ કહી તેના **ઓઘશકિત** અને (૨) **સમુચિત શકિત**–એવા બે ભેદ છે. તેમાં જે પરંપરાએ ઉતરતી આવતી અંતરંગશક્તિ તેને ઓઘશક્તિ કહે છે અને જે અનંતર કારણરૂપ હોય તેને સમુચિતશક્તિ કહે છે. દાખલા તરીકે ઘાસ ખાવાથી ગાયમાં દુધ થાય છે તેનું દહીં, માખણ અને છેવટે ઘી થાય છે, તેથી ઘીનું મૂળ કારણ ઘાસ થયું એટલે ઘાસમાં ઘીની જે શક્તિ રહેલી છે તેને ઓઘશક્તિ કહે છે. ઘાસમાં ઘીની શક્તિ કહેવાય છે ખરી, પણ તેમ કહેવાતું નથી; પરંતુ દુધમાંથી ઘી થાય છે જેથી દુધ એ ઘાસનું અનંતર કારણ છે જેથી તેને સમુચિતશક્તિ કહેવી. આત્મદ્રવ્યને વિષે તે બન્ને શક્તિને ઘટાવીએ તો જે ભવ્યજીવ હોય તેને અગાઉના પુદ્ગલ પરાવર્તનમાં જીવને સામાન્ય કહીને જે ધર્મશક્તિ હોય તેને ઓઘશક્તિ કહેવાય છે અને છેલ્લા પુદ્ગલ પરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાતિ અને તેનો ઉદય.

( ગતાંક પૃષ્ઠ ૬૫ થી શરૂ. )

કેટલીક નાતોમાં હજુ **પરદેશગમન** કરવાની છૂટ આપવામાં નથી આવી. તેથી જ્ઞાતિબંધુઓ પરદેશ જઇ પોતાનો વાણિજ્ય અને ઉદ્યોગ વધારી શકતા નથી. આપણી પુરાણી કથાઓમાં ઘણીવાર પરદેશગમન કરેલા માણસોની વાતો આપણે સાંભળી છે. આપણા પૂર્વજો પરદેશ સાથે છુટથી વેપાર કરતા હતા. હાલ જે વાંધો અગાડી કરવામાં આવે છે તે ધર્મભ્રષ્ટતાનો છે. પરદેશમાં પણ તીવ્ર ઇચ્છાવાળો માણસ પોતાનો ધર્મ જાળવી શકે છે. પરદેશગમન માટે જ્ઞાતિબહિષ્કાર હવે વ્યાજબી નથી.

ઉપર આપણે કેટલાક કુરિવાજો અને ધારાઓ દૂર કરવાનું સૂચવ્યું. આમાંથી જે જ્ઞાતિને જે લાગુ પડે તે અને તેવા બીજા રિવાજો દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. આ જ રસ્તે જ્ઞાતિઉદય સ્હેલાઇથી થઇ શકશે.

**જ્ઞાતિ સેવા કેમ થાય?**

ઘણા લાંબા કાળથી આપણા દેશમાં સ્વાર્થરહિત એકબીજાને મદદ કરવાની પ્રથા પ્રચલિત છે. જ્ઞાતિ બંધારણનો મુખ્ય પાયો **સેવાધર્મ** છે એમ આપણને લાગે છે. જ્ઞાતિભોજન સમયે શાક સમારવાની અને પીરસવાની રીતિઓ હજુ આપણે ઘણી જ્ઞાતિઓમાં જોઇએ છીએ. એમાં નાના મોટાનો કે ઘણીવાર રાયરંકનો વિચાર સરખો પણ કરવામાં નથી આવતો. આ પદ્ધતિ ફક્ત અમુક

---

વર્તનમાં જીવને ધર્મની જે શક્તિ હોય તે સમુચિતશક્તિ કહેવાય છે. આથી વ્યવહારનયથી જોઇશું તો માલુમ પડશે કે દરેક કાર્યની ઓઘ અને સમુચિતરૂપ અનેક શકિતઓ એક દ્રવ્યમાં હોઇ શકે, કારણ કે જે વ્યવહારનય છે તે કાર્ય કારણના ભેદને માનનારો છે, નિશ્ચયનયની અપેક્ષાએ દ્રવ્ય અનેક કાર્ય અને કારણોથી સંયુક્ત હોય છે છતાં દ્રવ્ય પોતાની સ્વાભાવિક શક્તિવાળું છે એમ નિશ્ચય કરાવે છે, કારણકે જો તેમ ન થાય તો સ્વભાવભેદ થવાથી–દ્રવ્યભેદ પણ થાય. નિશ્ચયનયને કાર્ય કારણભેદ લાગી શકતો નથી, કારણકે દ્રવ્યના અનેક સ્વરૂપ આદિ અને અંતમાં નથી તો તે વર્તમાનકાળે પણ ન હોઇ શકે. દ્રવ્યની સાથે જે ગુણ રહે છે તેવા ગુણ દ્રવ્યની તેમ ક્રમભાવિ પર્યાયોની વ્યક્તિઓ અનેક પ્રકારની છે. દિગંબરો ગુણને શક્તિરૂપે માને છે તે યથાર્થ નથી. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યને સારૂ પોળોના પંચો કે જ્ઞાતિબંધુઓ માટે યોજાએલી હોય એમ લાગે છે. દરેક જ્ઞાતિએ પોતાના ઉદય માટે કાયમની **સ્વયંસેવકોની ટુકડી** ઉભી કરવાની જરૂર છે. આ ટુકડી સામાન્ય સ્થિતિના જ્ઞાતિબંધુઓની માંદગી વખતે તેમજ બીજા સારા નરસા પ્રસંગો ઉપર ઘણી ઉપયોગી નીવડશે. હાલ તો આપણે જોઇએ છીએ કે બેસણામાં ચારસો પાંચસો માણસો હાજરી આપશે અને **માંદાની સારવારમાં** અગર મડદાને ઠેકાણે પાડવામાં ઘણા થોડા જ્ઞાતિબંધુઓ ભાગ લેશે. માંદગી વખતે કેટલી બધી હાડમારી ભોગવવી પડે છે તે આપણે છેલ્લા પ્લેગ અને તાવની બીમારી વખતે જોયું છે. આ જ ટુકડી વીશા ઓસવાળ કુલબની માફક અમુક વર્ષને અંતરે જ્ઞાતિનું **વસ્તિપત્રક** કરી જ્ઞાતિની ચડતી પડતીનું જ્ઞાન મેળવી શકશે. અમદાવાદની શ્રીમાળીની નાતે જેમ કર્યું છે તેમ આવા દુકાળના અને અસહ્ય મોંઘવારીના સમયે સસ્તા અનાજની દુકાન ઉઘાડી અગર ગુપ્તપણે તેમને ત્યાં મદદ પહોંચાડવામાં ઘણો આશરો આપી શકાશે. તેમ વળી ઘરબાર વગરના માણસોને ભોજનગૃહ દ્વારા ઓછી કીંમતે સારી સાત્વિક રસોઇ પૂરી પાડી ઘણો ઉપકાર કરી શકાશે. વળી કુટુંબોમાં પડતા કેટલાક ઝઘડાઓ કોર્ટે ચઢે છે અને જેમાં ઘણો ખર્ચ થાય છે તે ઝઘડાઓ જ્ઞાતિબંધુઓ મારફતે દૂર કરવામાં આવે તો ઘણો લાભ થશે. જ્ઞાતિના સારા **અનુભવી સદ્‌ગૃહસ્થો** અને **વકીલો લવાદ** તરીકેનું કાર્ય કરી ઘણી સારી સેવા કરી શકશે. જ્ઞાતિબંધુઓ કુટુંબની કેટલીક બાબતોથી જાણુ હોવાને લીધે વ્યાજબી અને ન્યાયી ચુકાદો આપી શકશે. આવા બીજે રસ્તે પણ જ્ઞાતિની સેવા થઇ શકશે અને જ્ઞાતિઉદયનો માર્ગ સરલ થશે.

**જ્ઞાતિ-એ સહકારી મંડળી.**

**અરસપરસ** મદદ કરવા સારૂ, સામાન્ય હિતવાળા માણસો **સહકારી** મંડળીઓ સ્થાપે છે. એ રૂઢી જર્મની અને બીજા પશ્ચિમના દેશમાં ઘણી પ્રસરેલી છે. અને તેને લીધે ત્યાંના લોકો ઉદ્યોગ હુન્નરમાં સ્હેલાઇથી અને થોડી પુંજીએ ફતેહમંદ થાય છે. આપણા દેશમાં મહાજનની જે પદ્ધતિઓ છે તે કેટલેક અંશે તેવી મંડળીઓને મળતી છે. આપણે ઉપર જોયું કે જ્ઞાતિ એ સહકારી મંડળ છે એટલું જ નહિ પણ એક લાભદાયી વેપારી મંડળ છે. પહેલાંના વખતથી ઘણી ખરી નાતોમાં હજુ પણ જમણ પ્રસંગે શાક ભાજી સમારવા અને પીરસવાના કાર્યમાં એક બીજાને મદદ કરે છે, તેવી જ રીતે મરણ પ્રસંગે પણ કેટલીક મદદ કરવામાં આવે છે. જેમાં ઘણા મોટા ખર્ચનો બચાવ થાય છે. જ્ઞાતિભોજન માટે અને એવા બીજા પ્રસંગે વાસણ કુસણુ વગેરે બીજી ઉપયોગી ચીજો જ્ઞાતિ તરફથી આપવામાં આવે છે અને નહી જેવું જ ભાડું લેવામાં આવતું હોવાથી ઘણા ખર્ચનો બચાવ થાય છે અને ઓછી મહેનત કરવી પડે છે; અને વળી કેટલીક નાતોએ તો **જ્ઞાતિની વાડીઓ** પણ બંધાવી છે. આવા મુખ્ય સિદ્ધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્તોના આધારે આધુનિક જમાનાને અનુસરી આવી કેટલીક રીતો દાખલ કરવાની જરૂર છે. થોડા ઘણા પૈસાની ઉઘરાણી કરી **જ્ઞાતિ પુસ્તકાલય, વાંચનાલય, કસરતશાળા** અને તેવાં બીજાં ઉપયોગી સાધનો પુરાં પાડી શકાશે **અમદાવાદની શ્રી વીશા ઓસવાળ કલબ** તરફથી આવાં કેટલાંક ખાતાંઓ ખોલવામાં આવ્યાં છે. જેમાં વિના સંકોચે દરેક જ્ઞાતિબંધુ ઉત્સાહથી ભાગ લઇ શકે છે અને નજીવા ખર્ચમાં જ્ઞાતિ બંધુઓના ઉદય માટેના કેટલાક પ્રયાસો આદરી શકાય છે. હાલમાં **ચોખ્ખા દુધ** માટે ઘણી હાડમારી ભોગવવી પડે છે તેને માટે જો જ્ઞાતિ તરફથી **ડેરીફાર્મ** કઢાડવામાં આવે તો પણ તેમાં છુટક છુટક મદદ મળી આવે અને દરેકને **ચોકખું દુધ** મળી શકે. વળી હવા ખાવા સારૂ પણ એવી મદદથી એક **સેનેટોરીયમ** ખોલવામાં આવે તો ઘણા માંદાઓનો આશીર્વાદ મળશે. કેટલીક વસ્તુઓનું વેચાણ કરવાની રીત દાખલ કરી '**સ્ટોર**' ખોલવામાં આવે તો પણ ઘણો સારો લાભ થાય, કારણ કે જોઇતી વસ્તુઓ ઓછી કીંમતે મળે અને જે કાંઇ નફો થાય તે જ્ઞાતિહિતના કાર્યમાં વાપરી શકાય. વળી જ્ઞાતિની **સ્ત્રીઓ જે ભરતગુંથણ** કરે તેને ખરીદ કરી વેચવા માટે પણ ગોઠવણ કરવાથી લાભ થશે. જ્ઞાતિના **ઘરડાઓને** મદદ કરવા સારૂ '**પ્રોવીડન્ટ ફંડ**' '**ઇન્શ્યુરન્સ**' **પદ્ધતિ** દાખલ કરીશું તો સાધારણ માણસો ઘડપણમાં પોતાનો નિર્વાહ નિર્વિઘ્ને ચલાવી શકશે આ રીતે આપણે જ્ઞાતિ દ્વારા ઘણાં લાભદાયી કાર્યો કરી શકીશું.

**જ્ઞાતિ મંડળ.**

આખી જ્ઞાતિ એકઠી મળી સમસ્ત પ્રકારની ગોઠવણ કરે એ બનવું મુશ્કેલ છે. માટે આવા કાર્યો સારૂ જ્ઞાતિમંડળોની જરૂર છે. જ્ઞાતિ તો અમુક વર્ષે કે મહિને ચર્ચા કરી વિખરાઇ જાય છે. ત્યારે જ્ઞાતિમંડળ હરહંમેશ કાંઇને કાંઇ પ્રવૃત્તિ ચાલુ રાખી જ્ઞાતિબંધુઓમાં **અપૂર્વ જાગૃતિ** ટકાવી શકશે અને શકે છે એ આપણે અનુભવથી જોયું છે. અમદાવાદની કેટલીક નાતોમાં આવા મંડળો ઉભા થયાં છે અને તેમાંના કેટલાક કલબને નામે ઓળખાય છે. તેમણે જ્ઞાતિહિત અને સુધારા માટે ઘણા **પ્રશંસનીય પ્રયાસો આદર્યા** છે. કલબથી જ્ઞાતિબંધુઓમાં **ભ્રાતૃભાવ** પ્રગટે છે અને એક બીજાની ઓળખાણ પીછાન થવાથી ઘણા નીકટના સહવાસમાં આવી શકાય છે. એક બીજા પ્રત્યેની લાગણી સતેજ થાય છે અને સ્નેહનો વધારો થાય છે. **કલબ જ્ઞાતિબંધુઓના જીવનમાં નવું જોમ રેડે છે.** કલબ એ ભભકાદાર વિજળીના ચમકારાની ઝડપે આનંદ અને ઉત્સાહ આપનારૂં સાધન છે **અને નાતના દરેક ઘરના ખુણામાં તેની જ્યોતિ પ્રવેશ કરી શકે** છે. જ્ઞાતિઉદય માટે કલબ કેટલીક વખાણવા જેવી જરૂરી વ્યવસ્થા કરી શકે છે. કલબનું એક ઉપયોગી અંગ આપણે ભૂલવું જોઇતું નથી અને તે વિદ્યાવિષયક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વાદાર્થિ સભાઓ છે. જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરવાથી અને ભાષણોની ગોઠવણ કરવાથી જ્ઞાતિબંધુઓમાં વકતૃત્વ શક્તિ ખીલી નીકળે છે અને એ કળાથી આપણને ઘણો લાભ થાય છે. તેથી વિચારોની બુદ્ધિપુર્વક આપ લે થાય છે અને જનસમાજની વિચારશક્તિ ખીલે છે. જ્ઞાતિમાં કરવાના સુધારાની ઉપયોગિતાની વ્યાજબી તુલના થઇ શકે છે. આનાથી રાજદ્વારી ક્ષેત્રમાં થયેલા લાભો સર્વ કોઇ જાણે છે.

**જ્ઞાતિ અને સમાજ સેવા.**

આવા જ્ઞાતિમંડળોની દર બે ત્રણ વર્ષે પારિષદો ભરાવવી જોઇએ જેથી જનસમાજના સામાન્ય હિતના પ્રશ્નો હાથ ધરી તેનો જ નિવેડો ઘણી સરલતાથી લાવી શકાશે. જ્ઞાતિમંડળે કે જ્ઞાતિએ ખાસ કરીને ધ્યાન રાખવાનું છે કે તેણે ઇર્ષ્યા અને સ્વાર્થ છોડી વધુ લાભની ખાતર પોતાના નજીવા લાભને તિલાંજલી આપી દેવી એ વ્યાજબી છે. નહીં જેવા મત ભેદને લીધે આખા સમાજને હાનિ પહોંચાડવી એ ઘણું શરમભરેલું છે. જ્ઞાતિની કર્તવ્યસીમા એવી રીતે દોરાવવી જોઇએ કે સંકુચિત અને ટુંકી દૃષ્ટિ રાખ્યા વિના વિશાળ ભાવનાવડે મહાન લાભો પ્રતિ સહાનુભુતિ રાખી શકાય, નહીંતો જ્ઞાતિઓ ઘણીવાર તકરારો ઉભી કરી જનસમાજને એક તસુ પણ આગળ વધારવાને બદલે ઉંધે માર્ગે દોરી જશે. જ્ઞાતિમંડળોનું સમ્મેલન કેટલેક અંશે ચક્રવર્તીરાજા જેવું અને જ્ઞાતિમંડળો માંડળીક રાજાઓ જેવા લેખી શકાય. રાજ્યતંત્રની રચના જે સમજી શકે છે તે આ બીના સમજી શકશે. વળી આથી જ્ઞાતિક્ષેત્ર દિવસાનુદિવસ વિસ્તૃત થતું જશે અને જ્ઞાતિબંધનની સખત બેડીઓ અમુક પ્રમાણમાં તૂટશે. સમાજ સેવાના વધુ ખર્ચવાળા કેટલાંક કાર્યો આ પરિષદ્ મારફતે આપણે કરી શકીશું. હોસ્પીટલો, નિશાળો અને સેનેટોરીયમો વિગેરે કાર્યો ઓછી મુસ્કેલીથી બની શકશે. જૈનહોસ્પીટલ, જૈનહાઇસ્કુલ અને જૈનસેનેટોરીયમ આ ત્રણ સંસ્થાઓ ખાનગી શ્રીમંત ગૃહસ્થો તરફથી અમદાવાદમાં ચલાવવામાં આવે છે. એ દાખલારૂપ થઇ પડશે. તેના કાર્યભારમાં કેટલોક ફેરફાર થવાથી તે આદર્શ બની શકશે. આવી રીતે એક જ કોમની અને વર્ણની જ્ઞાતિઓ એકઠી મળી કાર્ય કરશે તો આવા બીજા ઘણા ઉપયોગી કાર્યો કરી શકશે.

**જ્ઞાતિપ્રગતિની ચાવી.**

'સંપ ત્યાં જંપ' એ કહેતી અનુસાર જ્ઞાતિબંધુઓમાં જો સંપ સારો હોય તો પ્રગતિ ઘણી સારી રીતે થઇ શકે. ઉદાર ભાવનાને અભાવે, માંહોમાંહે નજીવી તકરારોને લીધે વિક્ષેપ થાય છે અને તેથી પોતાના જાતીય સ્વાર્થ અને ઇર્ષ્યાની ખાતર જ્ઞાતિહિત તરફ કેટલીકવાર બેદરકાર રહેવામાં આવે છે. સહિષ્ણુતા અને સહનશક્તિના બળે સંપ પ્રગટે છે અને પવિત્ર ઉદારતાને લીધે સંપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટકી શકે છે.** બીનોપયોગી રકઝક કરવાથી કેટલાં માઠાં પરિણામ આવે છે એ સર્વને વિદિત છે. **કુસંપને** લીધે મોટી જ્ઞાતિઓના **નાના ત્રિભાગો** પડી ગયા છે અને તેથી જ્ઞાતિ એ ફાટફુટનું ઉપનામ બન્યું હોય એમ કેટલીકવાર લાગે છે. બીજું દરેક જ્ઞાતિબંધુઓ સરખાં છે એ ભાવના રાખવી અવશ્યની છે. સમાનતા વિના સામાન્ય હિતના કાર્યો જોઇએ તેવી સરળતાથી બની નથી શકતાં. કેટલીક નાતોમાં મોભાને બ્હાને સામાન્ય વર્ગના જ્ઞાતિબંધુઓ તરફ અન્યાય થતો આપણે જોઇએ છીએ; અને '**બળિયાના બે ભાગ**' અને '**મારે તેની તલવાર**'નું વ્યાવહારિક રૂપાંતર જોઈ શકીએ છીએ. આગેવાનોના પ્રતાપે અને સારી લાગવગથી કેટલીકવાર જ્ઞાતિધારાઓને આધારે આપવો જોઇતો વ્યાજબી ન્યાય અપાતો નથી. આથી જ્ઞાતિબંધુઓ હાથમાં હાથ મીલાવીને અને એક બીજાના ખભા સાથે ઉભા રહીને કાર્ય કરતાં આંચકો ખાય છે એ આપણે કેટલીક નાતોમાં જોયું છે. ખરી વાત તો એ છે કે દરેક પ્રત્યે નિઃસ્વાર્થ સ્નેહની લાગણી પ્રદીપ્ત કરવી જોઇએ, કારણ કે **સ્નેહથી ભીંજાયેલા હૃદયો ઉત્સાહથી પ્રગતિ કરી શકશે.** ટુંકમાં **સંપ, સમાનતા, ન્યાય અને સ્નેહ એ જ્ઞાતિની પ્રગતિની ઉત્તમ ચાવીઓ છે.**

**જ્ઞાતિદ્વારા દેશોદ્ધાર.**

ઘણીવાર કહેવામાં આવે છે કે જ્ઞાતિબંધારણથી **રાષ્ટ્રિય ભાવના** ખીલી શકતી નથી અને જ્ઞાતિહિતને ખાતર અને તેમાં રચ્યાપચ્યા રહેવાથી **દેશોદ્ધાર** કરી શકાતો નથી. એ વાત **સંકુચિત દૃષ્ટિવાળી જ્ઞાતિઓ**માં ઘણે અંશે બને છે, પણ આના જવાબમાં લખવાનું કે એકંદરે જ્ઞાતિ એજ **રાષ્ટ્રિય ભાવના ખીલવવાની શાળા** બની શકે તેમ છે. કોઇ માણસ જો જ્ઞાતિની અંદર રહી કાર્ય પ્રવૃત્ત થશે અને પોતાની શક્તિ ખીલવશે તો દેશકલ્યાણના કાર્યો સ્હેલાઇથી કરી શકશે. વળી જ્ઞાતિ એ દેશનું અંગ છે અને જો જ્ઞાતિઓ વિચારપૂર્વક દેશહિતના કાર્યોમાં પોતાનો યોગ્ય હિસ્સો આપશે તો ઘણું કરી શકશે. દેશભાવનાની છાયા હંમેશાં જ્ઞાતિ ઉપર પડેલી રહેવી જોઇએ. જ્ઞાતિ પ્રશ્નો પરત્વે પણ દેશભાવનાની ઝાંખી દૃષ્ટિ સન્મુખ રાખવી જોઇએ. કેટલીકવાર જ્ઞાતિ **કોમીલોભ**ને ખાતર દેશમાં **તકરારના બીજ** રોપે છે એ ગેરવ્યાજબી છે. **દેશોદ્ધાર ખાતર** જ્ઞાતિને ગમે તેટલું **નુકશાન ખમવું** પડે તો તે ખમવા તૈયાર થવું જોઇએ. જ્ઞાતિ સુધારણા **માતૃભૂમિના ઉત્કર્ષના અંકિત** કરેલા માર્ગે વિહરવી જોઇએ. જ્ઞાતિઓ દ્વારા દેશ કલ્યાણના મહાન કાર્યો સ્હેલાઇથી થઇ શકશે કારણ કે **નાના વિભાગોમાં** વહેંચાયેલું કાર્ય **કુદકે અને ભુસ્કે** આગળ વધશે જે જ્ઞાતિ **અમુક** બાબતોમાં પાછળ હોય તો તેણે બીજી સમાન આચાર વિચારવાળી જ્ઞાતિ **જોડે જોડાઇ** અગર અલગ રહી મદદ લઇ દેશ કલ્યાણને રસ્તે ચઢવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતિબંધુઓ ધારે તો દેશહિતના ઘણા કાર્યો ત્વરાથી કરી શકશે તેના કેટલાક ઉદાહરણો આપણે આગળ તપાસીશું.

**જ્ઞાતિ ઉપર રાષ્ટ્રિય ચળવળની અસર.**

આધુનિક યુરોપી લડાઇએ દુનિયાના દરેક ભાગ ઉપર ઘણી અસર કરી છે, તેને લીધે રાષ્ટ્રિય ભાવના દરેક દેશમાં પુરજોસમાં પ્રગટી નીકળી છે, અને ઠેરઠેર પ્રજાના હકકો માટે ધમાલ થતી દેખાય છે. હિંદમાં પણ નોકરશાહીની જોહુકમી અને આપખુદી સત્તાનો દોર તોડવા સારૂ અને દેશના રાજ્યતંત્રમાં વધુ હિસ્સો મેળવવા માટે ચાલતી પ્રવૃતિને નવું અને અનહદ જોર મળ્યું છે. સ્વતંત્રતા અને છુટાપણાંના વિજય માટેની પ્રાર્થનાઓ અને અથાગ પ્રયત્નો ફ્નેહમંદ નીવડી ચુકયા છે. પ્રેસીડેન્ટ વિલ્સનનો " આત્મ નિર્ણય " નો હક્ક દરેક પ્રજાને બક્ષવાનો ઉપદેશ ચોમેરથી થાય છે. આ ચળવળે સમગ્ર દેશના ગૃહજીવનમાં પણ તેવી જ રીતે નવી જાગૃતિ આણી છે. જ્ઞાતિમાં ચાલતી અંધાધુંધી અને જ્ઞાતિ પટેલોનો એકપક્ષી ન્યાય અને આપખુદી સત્તા તોડી પાડવાના પણ પ્રયત્નો કેટલીક જગ્યાએ થવા લાગ્યા છે. હવે જ્ઞાતિનો શેઠ કહે તે થાય એ જમાનો વહી ગયો છે. હવે તો તેમને પણ તેમના કાર્યોનો અને હુકમોનો જ્ઞાતિને જવાબ આપવો પડશે. પ્રજા સમજવા લાગી છે અને પોતાના જન્મસિદ્ધ હક્કો પુન. પ્રાપ્ત કરવાની આકાંક્ષા ધરાવવા લાગી છે. જે લોકો રાજ્યતંત્રના હક્કોની માગણી કરે છે તે જ્ઞાતિહક્કો સિદ્ધ કરી મેળવવા મથે એ સ્વાભાવિક છે. આથી જ્ઞાતિનો ઉદય પણ સરલતાથી થઇ શકશે, કારણકે નહિં જેવા કારણસર થતો જ્ઞાતિ બહિષ્કાર અટકશે અને દેશહિતના કાર્યો અગ્રસ્થાન ભોગવશે ને જ્ઞાતિના સવાલોનો ફડચો લાવવાનું તેવા કાર્યોમાં ધ્યાનમાં રાખી શકાશે. ઘણા રાજદ્વારી પુરૂષોનો મજબૂત અભિપ્રાય છે કે રાજદ્વારી અને સમાજ સુધારણાને ઘણો નિકટનો સંબંધ છે તે એક બીજાપર અવલંબી રહેલ છે.

( ચાલુ )

## શ્રી શત્રુંજય તીર્થ ઉદ્ધાર પ્રબંધ.

( ગતાંક પૃષ્ટ ૭૧ થી શરૂ )

શ્રેષ્ઠી સમરાશાહે પિતાની આજ્ઞાથી આરાસણની ખાણમાંથી ફલહી મંગાવવા વિનંતિ સાથે ભેટણું લઇ પોતાના વિશ્વાસુ નોકરોને મોકલ્યા તેઓ થોડા વખતમાં ત્રિસંગમપુર પહોચ્યા, ત્યાંનો રાજા મહિપાલદેવ નામે રાણો રાજ્ય કરતો હતો કે જે આરાસણની ખાણોનો પણ માલેક હતો. રાજા શિવધર્મી છતાં જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન હતો. તેના રાજ્યમાં હિંસા કોઇ કરતું નહિં. તે રાજાને પાતાશાહ નામે મંત્રી હતો.

ત્યાં સમરસિંહના નોકરોએ આવીને રાજાને ભેટણા સાથે વિનંતિપત્ર આપ્યું. રાજાની આજ્ઞાથી મંત્રીએ વિનંતિપત્ર વાંચી સંભળાવ્યું. રાજા મહિપાલદેવ સમરાશાહને ધન્યવાદ આપવાપૂર્વક આરાસણની ખાણ પોતાના કબજામાં છે અને આવા ઉત્તમ કામ માટે પોતાને યાદ કરાય છે તેમ જાણી પોતાને ધન્ય માનવા લાગ્યો. મહિપાલદેવે મંત્રીને સૂચના કરતાં જણાવ્યું કે ભેટણું પાછું આપો, કેમકે આવા પુણ્યકાર્ય માટે ધન લેવાય નહિં, કારણ કે ધન, પરિવાર અને જીવિતવડે મનુષ્ય ધર્મ કરે છે, તો ભેટણું લઇ ધર્મ હારી જવાય નહિં, એટલુંજ નહિં પણ હવે પછી જિનબિંબ માટે શિલાદલ ગ્રહણ કરનાર પાસેથી લેવાતો કર પણ કાયમને માટે આજથી બંધ કરૂં છું અને તેને માટે કોઇપણ વખત સહાય જોઇએ તે પણ હવે પછી આપીશ. એમ કહી રાજા મંત્રી અને સમરસિંહના માણસો સાથે આરસની ખાણો પાસે ગયો, અને આરસ કાઢનાર મનુષ્યોને બોલાવી સન્માનપૂર્વક બિંબ માટે મોટી શિલા કાઢવાનું મૂલ્ય ઠરાવ્યું. શુભ મુહૂર્તે ખાણની પૂજા કરી કાર્ય શરૂ કર્યું અને તે શિલા કાઢનારાઓનું વસ્ત્ર, તાંબુલ, ભોજન વગેરેથી સમરસિંહના નોકરોએ સન્માન કર્યું અને ભોજનશાળા ખુલ્લી મૂકી. પછી મંત્રીને ત્યાં રાખી રાજા પોતાના નગરમાં આવ્યો, છતાં દરરોજ પોતાના માણસો મોકલી ખબર કઢાવતો સૂચના આપતો. થોડા દિવસમાં શિલા બહાર કાઢી તેને પાણીવડે ધોઇ સાફ કરતાં મધ્યભાગમાં એક તડ જોઇ, તેના ખબર સમરસિંહને આપતાં બીજી કઢાવવાની સૂચના મોકલી, બીજી કાઢતાં પણ તેમ બન્યું, તેથી હવે રાણો, મંત્રી અને સમરસિંહના માણસો દિલગીર થયા અને તે બધા દેવનું આરાધન કરવા અષ્ટમ તપ કરી ડાભના સંથારાપર સુતા. ત્રીજે દિવસે શાસનદેવતાઓએ અમુક સ્થળેથી કાઢવાની સૂચના કરતાં તે પ્રમાણે કરવાથી સ્વચ્છ, નિર્મલ, અને નિર્દોષ શિલા નીકળી. તેના સમાચાર સમરસિંહને આપતાં તેમણે સુવર્ણના દાંત સહિત જીભ અને બે પટ્ટ વસ્ત્રો સમાચાર આપનારને ભેટ આપ્યા અને ચતુર્વિધ સંઘ એકઠો કરી તે આનંદજનક સમાચાર સંભળાવ્યા અને તેનાવડે જિનબિંબ કરાવવાનો સંઘે સમરાશાહને આદેશ આપ્યો.

આખા મુખ્ય પ્રાસાદનો મ્લેચ્છોએ નાશ કર્યો છે, અને દેવકુલિકા જે આસપાસ છે તે પણ પાડી નાખી છે તો તે બધા નવા કરાવી પ્રતિષ્ઠા કરવાની હોવાથી બધાના પુણ્યને માટે યથાયોગ્ય વ્હેંચણી કરવી જોઇએ, જેથી તે કામ જુદા જુદા માણસોને શ્રીસંઘે વ્હેંચીને જુદા જુદા ધર્મ કાર્યો કરવા માટે સોંપ્યા, તેમજ મુખ્ય પ્રાસાદ કરાવવા કોઇ ભાવિક શ્રાવકે આજ્ઞા માગતાં જિનબિંબ કરાવનાર જ મુખ્ય પ્રાસાદ કરાવે તે વધારે શોભાસ્પદ છે એમ કહી શ્રી સંઘે બંને કરાવવા માટે સમરાશાહને આદેશ કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાતકમંત્રીએ સુવર્ણના કંકણ અને વસ્ત્રદાનથી સૂત્રધારોને સંતુષ્ટ કર્યા અને મહિપાળદેવ રાણાએ અખંડ શિલા નીકળી જાણી હર્ષપૂર્વક ખાણ પાસે આવી સાક્ષાત્ જિન હોય તેમ તેણે તેની ચંદનપુષ્પાદિકવડે પૂજા કરી. પછી તે ફલહીને સૂત્રધાર પાસે ઉતરાવી આરાસણમાં તેનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી પોતાના મંત્રી પાતાશાહને કેટલીક સૂચનાઓ કરી રાણો પોતાના નગરમાં આવ્યો.

મંત્રીએ તે ફલહીને મોટા રથમાં સ્થાપી તેને બરોબર ગોઠવી ઘણા માણસો અને બલવાન બળદોવડે ખેંચીને મહામહેનત વડે પર્વતથી નીચે ઉતારી અને આગલ ચલાવતાં કુમારસેના ગામ પાસે તે રથ અટકયો. તે વખતે ત્રિસંગમ-પુરની આસપાસના લોકોએ ત્યાં આવી મહોત્સવ કર્યો અને તે સમાચાર પાટણ સમરસિંહને મોકલ્યા, જેથી તે ઘણા ખુશી થયા અને અડખે પડખેના ગામમાંથી સત્કારપૂર્વક મજબૂત વીશ બળદો મંગાવી લોઢાથી જડેલ ગાડું નવું કરાવી તે બંનેને કુમારસેના ગામે મોકલ્યા, જેથી ફલહીને તેમાં ચડાવતા ગાડું ભાંગી ગયું, તેથી ફરી સમરસિંહ પાસેથી બીજું મજબૂત ગાડું મંગાવ્યું તે પણ ભાંગી ગયું, ત્રીજી વખત પણ તેમ બન્યું જેથી મંત્રી ખિન્ન થયો અને તે સમાચાર સમરસિંહને પહોંચતાં તેમને પણ ચિંતા થઇ પડી, તેટલામાં શાસનદેવીએ પ્રત્યક્ષ થઇ કહ્યું કે—ઝંઝા ગામમાં દેવ અધિષ્ઠિત મજબૂત શકટ છે તે તને મળશે જેથી તારૂં કાર્ય સિદ્ધ થશે. તેટલામાં તે દેવીનો પૂજારી ત્યાં આવ્યો અને સમરસિંહને જણાવ્યું કે દેવીએ મને આદેશ કર્યો છે કે સમરસિંહને જઇને કહે કે મારા ગાડાથી સુખપૂર્વક શિલા લઇ જઇ શકાશે. જેથી તે ગાડું મોકલ્યું. તેમાં શિલા પધરાવી પોતાના દેશના સિમાડા સુધી વળાવી પાતાશાહ મંત્રી પોતાને ગામ ગયો. ફલહી અનુક્રમે ખેરાળુ થઇ ભાંડુ ગામે આવી, જેના સમાચાર દેશલશાહને પહોંચતાં શ્રી સિદ્ધસૂરિજી અને પાટણના લોકો સહિત તેઓ ભાંડુ આવ્યા અને દેશલશાહે ચંદનાદિક વડે પૂજા કરી દેશલશાહ વગેરે પોતાના વતન આવ્યા. ફલહી દરેક ગામ નગરે પૂજાતી અનુક્રમે શ્રી શત્રુંજય ગિરિ પાસે આવી પહોંચી, જ્યાં શ્રી પાલીતાણાના સંઘે સામા આવી સત્કાર પૂજન મહોત્સવ વગેરે કર્યું. દેશલશાહના પરિવારે તેને વધાવી પાટણ જઇ તેમને ખબર આપ્યા. દેશલશાહે તે માણસોને પાછા તે શિલા શ્રી શત્રુંજય ડુંગર ઉપર ચડાવવા સૂચના કરવા મોકલ્યા, અને સાથે પાટણથી બિંબ ઘડનાર સોળ બુદ્ધિશાળી શિલ્પી ( કારીગરો ) ને રવાના કર્યા અને જુનાગઢથી બાલચંદ્ર નામના મુનિને માણસો મોકલીને શત્રુંજય બોલાવ્યા જે તુરત આવ્યા. તેમણે ગાડા ઉપરથી ફલહી ઉતરાવી પર્વત ઉપર ચડાવવા ગોઠવણ કરી. ચોરાશી ખાંધે ઉપાડનારા પુરૂષોને એકઠા કરી લાકડા, દોરડા વડે શિલાને મજબુત બંધ લઇ ખાંધે મૂકી કે જેથી તેઓએ છ દિવસમાં શત્રુંજય પર્વત ઉપર ચઢાવી દીધી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમવસરણ રચના.

( ગતાંક પૃષ્ઠ ૬૯ થી શરૂ. )

મુનિ વૈમાનિક દેવીઓ અને સાધ્વી એ ત્રણ પરિષદા અગ્નિકોણમાં, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતર એ ત્રણેની દેવીઓ નૈઋત્યકોણમાં, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતર એ ત્રણે દેવો વાયવ્યકોણમાં, વૈમાનિક દેવ અને મનુષ્ય અને મનુષ્ય સ્ત્રીઓ એ ત્રણ ઇશાનકોણમાં રહી ધર્મદેશના સાંભળે છે.

ચાર પ્રકારની દેવાંગના, અને સાધ્વી એ પાંચ પરિષદા ઉભા રહીને અને બાકી ચાર દેવતા, નર, નારી, અને સાધુ બેસીને ધર્મદેશના સાંભળે છે. બારે પરિષદા પ્રથમ જે રત્નનો કોટ છે તેમાં બેસે છે.

આ વર્ણન આવશ્યકવૃત્તિનું છે, પરંતુ ચૂર્ણીકાર મહારાજનો મત એ છે કે મુનિ પરિષદા સમવસરણમાં બેસીને તથા વૈમાનિક દેવી અને સાધ્વી ઉભા રહીને દેશના સાંભળે છે અને નવ પરિષદા બેસીને ધર્મદેશના સાંભળે છે, આવશ્યક નિર્યુકિતકાર મહારાજનો મત એવો છે કે પૂર્વ સન્મુખ તાર્થંકર બીરાજે છે, તેમના ચરણકમલો પાસે અગ્નિકોણમાં મુખ્ય ગણધર મહારાજ બેસે છે અને સામાન્ય કેવળી મહારાજ તીર્થ પ્રત્યે નમસ્કાર કરી ગણધર મહારાજની પાછળ બેસે છે, તેમના પછી મનઃપર્યવજ્ઞાની, તેમના પછી વૈમાનિક દેવી અને તેમની પછી સાધ્વીઓ બેસે છે. અને સાધુ, સાધ્વીઓ અને વૈમાનિક દેવીઓ એ ત્રણ પરિષદા પૂર્વના દરવાજેથી પ્રવેશ કરી અગ્નિકોણમાં બેસે છે. ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષની દેવીઓએ ત્રણ પરિષદા દક્ષિણ દરવાજેથી પ્રવેશ કરી નૈઋત્યકોણમાં, પૂર્વોકત ત્રણે દેવ પરિષદા પશ્ચિમ દરવાજેથી પ્રવેશ કરી વાયવ્યકોણમાં અને વૈમાનિક દેવ, નર, નારી એ ત્રણ ઉત્તર દરવાજેથી પ્રવેશ કરી ઇશાનકોણમાં બેસે છે. બીજા સોનાના કોટમાં તીર્યંચો પરસ્પરના વૈરભાવ રહિત બેસી દેશના સાંભળે છે. પ્રથમ પહોરની દેશના સમાપ્ત કરી તીર્થંકર મહારાજ ઉત્તરના દરવાજેથી દેવછંદામાં પધારે છે. જ્યારે બીજા પહોરમાં પાદપીઠ પર બિરાજમાન થઇ ગણધર મહારાજ દેશના આપે છે.

ત્રીજા ગઢમાં હસ્તી, ઘોડા રથ વગેરે વાહનો રહે છે. ચૌરસ સમવસરણમાં નીચેના પગથીયાની બે બાજુ એક એક ( કુલ બે ) અને વર્તુલમાં ખુણા ઉપર અકેક સુંદર વાપી જલ સહિત હોય છે,

પહેલા રત્નના ગઢના દરવાજા પર અકેક દેવતા પ્રતિહાર તરીકે ઉભો રહે છે. પૂર્વ દિશાના દરવાજે સુવર્ણની કાન્તિવાળા વૈમાનિક દેવતા હાથમાં ધ્વજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્ગુરૂ તથા સચ્છાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

શ્રદ્ધા વગર-વિશ્વાસ વગર મનુષ્ય વ્યવહારિક કાર્યો પણ સારી રીતે નથા કરી શકતો તો પછી પારમાર્થિક કાર્યો સુંદર રીતે કેવી રીતે કરી શકે ?

શ્રદ્ધા વગરનું મન વિભ્રાન્ત રહે છે અને તેને કોઇ પણ સ્થળમાં શાંતિ અથવા સુખનો અનુભવ થઇ શકતો નથી, આ જગતમાં શ્રદ્ધાહિન અંતઃકરણના મનુષ્યો વિવેકીઓની દૃષ્ટિમાં દયાપાત્ર ગણાય છે.

રૂદ્ધિ, સિદ્ધિ, વિદ્યા, પ્રતિષ્ઠા, પવિત્રતા, મનોબળ, ઉત્સાહ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, યોગ, શાંતિ તથા સુખ આપનારી સાત્વિકી શ્રદ્ધા જે મનુષ્યનાં હૃદયમાં નથી હોતી તે અત્યંત દરિદ્ર તેમજ શ્રદ્ધાળુ મનુષ્યની દયાને પાત્ર છે.

વિવેકી લોકોની દૃષ્ટિએ આ પૃથ્વીપરના મનુષ્યને કામધેનુની જેમ સઘળી અભીષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ કરાવનારી એક શ્રદ્ધાજ પુરવાર થઇ છે. હે ! પવિત્ર શ્રદ્ધા

---

લઇને ઉભો રહે છે. દક્ષિણના દરવાજાપર શ્વેતવર્ણવાળો વ્યંતર દેવ હાથમાં દંડ લઇ ઉભો રહે છે. પશ્ચિમના દરવાજા પર રકતવર્ણના શરીરવાળો જ્યોતિષ દેવ ઉભો રહે છે ઉત્તરના દરવાજે શ્યામવર્ણવાળા ભવનપતિ દેવ ગદા હાથમાં લઈ ઉભો રહે છે.

બીજા સુવર્ણના ગઢના દરેક દરવાજા પર દેવીયુગલ પ્રતિહાર તરીકે રહે છે જેમના જયા, વિજયા, અજિતા અને અપરાજિતા અનુક્રમે નામો છે. જે અભય, અંકુશ, પાશ અને મકરધ્વજ નામના શસ્ત્રો સહિત રહે છે.

ત્રીજા ચાંદીના ગઢના પ્રત્યેક દરવાજા પર તુંબરૂ, ખડ્ગી, કપાલીક અને જુટ મુકુટધારી નામના દેવતા હાથમાં છડી સાથે શાસન રક્ષા કરવા ઉભા રહે છે. શાસ્ત્રોમાં આ કરતાં પણ વિશેષ વર્ણન સમવસરણની રચનાનું આવે છે. અહિં સંક્ષિપ્તમાં આપેલ છે.

જ્યાં તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યાં નિશ્ચય, અને શેષ જ્યાં પ્રથમ ન થયેલ હોય, જ્યાં મિથ્યાત્વનું જોર હોય ત્યાં દેવતાઓ સમવસરણ રચે છે. તેથી શાસનનો ઉદ્યોત, ધર્મપ્રચાર અને મિથ્યાત્વનો નાશ થાય છે. સિવાય પૃથ્વીપીઠ અને સુવર્ણકમળની રચના નિરંતર થયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું આવ. જીજ્ઞાસુ મનુષ્યની પાસે આવ અને તેના દુઃખી અંતઃકરણમાં નિવાસ કર. તારા આગમન તથા સ્થિતિથી તેના અંતઃકરણમાં શાંતિ અને સુખ ઉત્પન્ન થશે. તેથી હે શાંતિસુખદાયિની શ્રદ્ધા ! તું સત્વર એના અંતઃકરણમાં આવ. તે અંતઃકરણ હવે તારા આગમનનો વિલંબ જરા પણ સહન કરી શકતું નથી.

મૂઢતા યુકત તામસી શ્રદ્ધાની અપેક્ષા યે વિભ્રાંત સ્થિતિ યુકત તથા બાહ્યાડંબરવાળી રાજસી શ્રદ્ધા ઉત્કૃષ્ટ છે. એ રાજસી શ્રદ્ધાની અપેક્ષાએ વિવેક સંપન્ન, સ્થિરતા યુકત તથા દંભ વગરની સાત્વિકી શ્રદ્ધા ઉત્કૃષ્ટ છે. જીજ્ઞાસુના અંતઃકરણમાં હમેશા સાત્વિકી શ્રદ્ધાનો જ વાસ હોવો જોઇએ.

કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેઓની જીભના અગ્રભાગ ઉપર રહે છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેઓની જીભના મધ્યભાગ ઉપર રહે છે, કેટલાક મનુષ્યની શ્રદ્ધા તેઓની જીભના મૂળમાં રહે છે, કેટલાક મનુષ્યની શ્રદ્ધા તેઓના કંઠમાં રહે છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેઓના હ્રદયના ઉપરના ભાગમાં રહે છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેઓના હ્રદયના મધ્ય ભાગમાં રહે છે, અને કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેઓનાં હ્રદયના મૂળમાં રહે છે. વિવેકી જીજ્ઞાસુ મનુષ્ય એવા અભિલાષ કરે છે કે સાત્વિકી શ્રદ્ધા મારા હ્રદયના મૂળમાં હંમેશા નિવાસ કરે.

વિવેકી મનુષ્ય પોતાના મનને કહે છે કે હે સુખેચ્છુ મન ! શું તું સુખની શોધ કરે છે ? જો તું સુખ શોધે છે તો હું તને કહું છું કે તું શ્રદ્ધાને મળ. એ તને સુખ પ્રાપ્ત કરવાનો સૌથી સરલ અને ઉત્તમ માર્ગ બતાવશે. હે અશ્રદ્ધાળુ મન, તું શા માટે શ્રદ્ધા પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી કરતું ? અને તેને મેળવવાનો યત્ન નથી કરતું ? શું તું સચ્છાસ્ત્રો અને સદ્ગુરૂ કરતાં તારી જાતને વધારે સમજુ માને છે ? જો તું એમ માનતું હોય તો હું તને સ્પષ્ટ કહું છું કે તું મિથ્યાભિમાની છે અને તેથી મૂર્ખ છે. શું તને એટલી પણ ખબર નથી કે જે સ્વલ્પ જ્ઞાનવાળો હોય છે તે ઘણે ભાગે પોતાની જાતને અધિક જ્ઞાનવાળો માને છે ?

હે અશ્રદ્ધારૂપી સળગતી ભઠ્ઠી હ્રદયમાં રાખીને ફરનાર મૂર્ખ મનુષ્ય ! જો તું તારા હ્રદયને તાપ રહિત શીતલ કરવા ઇચ્છતો હો તો તારા હ્રદયમાં રહેલી દાહ ઉત્પન્ન કરનાર અશ્રદ્ધારૂપી સળગતી ભઠ્ઠીને સાવધાનતા પૂર્વક ફેંકી દે. અને શ્રદ્ધારૂપી હિમરાશીને તારા હ્રદયમાં ધારણ કર. જેવી રીતે રાજમાર્ગે ચાલનાર મનુષ્ય કુવામાં નથી પડતો તેવીજ રીતે સાત્વિક શ્રદ્ધાવાળો મનુષ્ય અધોગતિમાં પડતોજ નથી.

સદ્ગુરૂ અને સચ્છાસ્ત્રો સિવાય આ વિશ્વમાં મનુષ્યોનું ખરેખરૂં હિત ઇચ્છનાર, શાંતિ તથા સુખ મેળવવાના નિર્દોષ સત્ય ઉપાય બતાવનાર અને દુઃખ રહિત પરમાનંદ સ્વરૂપમાં સ્થાપન કરનાર કોઇ પણ મનુષ્ય કે દેવતા નથી. આ સત્યનો જે હ્રદયમાં પ્રવેશ નથી હોતો તે પાપ સંસ્કારથી ભરેલું ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મ સાક્ષાત્કાર વગર સર્વ દુઃખોની નિવૃત્તિ તથા પરમાનંદની પ્રાપ્તિ નથી થતી. હંમેશાં સદાગ્રહ પૂર્વક શ્રવણાદિરૂપ પ્રયત્ન વિના પરમાત્મ સાક્ષાત્કાર નથી સંભવતો, અડગ ઉત્સાહ વગર શ્રવણાદિરૂપ પ્રયત્ન નથી થતો, અને અગાધ શ્રદ્ધા વગર અડગ ઉત્સાહ નથી ઉત્પન્ન થતો આ રીતે અગાધ શ્રદ્ધા વગર સર્વ દુઃખોની નિવૃત્તિ તથા પરમાનંદની પ્રાપ્તિ નથી થઇ શકતી, એટલા માટે પરમાનંદ પ્રાપ્ત કરવા ઇચ્છતા મનુષ્યે પુણ્ય કર્મોની વૃદ્ધિ તથા મહા પુરૂષોની સેવા દ્વારા એ પ્રકારની શ્રદ્ધા સંપાદન કરવી જોઇએ.

જેવી રીતે આંકડા વગરનું મીંડું નકામું છે તેવી રીતે સાત્વિકી શ્રદ્ધા વગર પરમાર્થ પ્રાપ્તિના સાધનો વ્યર્થ છે. જેવી રીતે કુલટા સ્ત્રીના જુદા જુદા શણગારો વિવેકી મનુષ્યોની દૃષ્ટિએ હાંસીપાત્ર હોય છે તેવો જ રીતે શ્રદ્ધા વગરના મનુષ્યની ધાર્મિક ક્રિયાઓ હાંસીપાત્ર બને છે તેમજ જેમ પાયા વગરનું ઘર ટકતું નથી તેમ સાત્વિકી શ્રદ્ધા વગર મનુષ્યનું સ્વધર્મ પાલન ટકી શકતું નથી.

શ્રદ્ધા વગરનું હૃદય શ્મશાન જેવું છે તેની અંદર કુકલ્પના રૂપી ભૂત પિશાચ નૃત્ય કરે છે. અથવા શ્રદ્ધા વગરનું હૃદય ઉજ્જડ ગૃહ જેવું છે. તેની અંદર જુદી જુદી જાતના સંશય અને કુનિશ્ચય રૂપી સર્પ, વીંછી, ઉંદર, વિગેરે નિર્ભય બનીને વાસ કરે છે.

જુઓ, વયોવૃદ્ધ, અનુભવી, વિદુષી, પરોપકારપ્રેમી, સમર્થ તથા પરમ શાન્ત મૂર્તિ સાત્વિકી શ્રદ્ધા દેવીની પર્ણકુટી ! તે બહુજ ઉત્તમ સ્વભાવની છે અને કોઇ એની પાસે કોઇ જાતની સહાયતા માગે છે તો તે બહુજ પ્રસન્નતા પૂર્વક સૌકોઇને સહાય કરે છે. આ જગતનો પ્રવાસ સુખેથી પૂર્ણ કરવાની ઇચ્છા રાખનારે એની સહાય જરૂર લેવી જોઇએ.

જેવી રીતે મરૂભૂમિમાં આંબા જેવા સુંદર ઉપયોગી વૃક્ષ નથી ઉગી શકતા તેવી જ રીતે અપવિત્ર અંતઃકરણમાં સાત્વિકી શ્રદ્ધા ઉત્પન્ન થઇ શકતી નથી. એથી ઉલટું જેવી રીતે ક્ષાર વગરની ભૂમિમાં આંબા જેવા મનોહર વૃક્ષ ઉત્પન્ન થઇ શકે છે તેવી રીતે પવિત્ર હૃદયમાં સાત્વિકી શ્રદ્ધાનો આવિર્ભાવ થઇ શકે છે.

હૃદયમાં પવિત્રતા ઉત્પન્ન થયા પછી મનુષ્યને પોતાના શ્રદ્ધાહીન જીવન માટે આવા વિચારો આવે છે—

" મેં મૂર્ખતાને લઇને પાપ સંસ્કારોને વશ બનીને પરમહિતકારી સદ્દગુરૂ અને સચ્છાસ્ત્રોના વચનો સત્ય ન માન્યા અને મારા મૂર્ખાઇ ભરેલા વિચારોને જ નિરંતર સત્ય માન્યા. કોઇ પણ ઉપાયે ફરી ન મેળવી શકાય એવો મારા જીવનનો મોટો ભાગ મેં નકામો વ્યતીત કરી દીધો. તારાની જેવી સ્વલ્પ પ્રકાશવાળી મારી બુદ્ધિને સદ્દગુરૂની મધ્યાન્હના સૂર્ય સમાન પ્રકાશવાળી બુદ્ધિ કરતાં શ્રેષ્ઠ માનતો હતો અને મિથ્યાભિમાની બનીને આ જગતમાં કોઇને મારા કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારે બુદ્ધિશાળી માનતો નહોતો. મેં પરમ શાંતિ તથા પરમ સુખ આપનાર સાત્વિકી શ્રદ્ધાને મારા હૃદયમાં સ્થાન ન આપવામાં ગંભીર ભૂલ કરી છે. વિદ્યા રહિત હોવા છતાં પણ જે હૃદય સાચી શ્રદ્ધાયુકત હોય છે તે સ્વસ્થ, શાંત તથા સુખી હોય છે. અને વિદ્યાસંપન્ન હોવા છતાં પણ જે હૃદય સાચી શ્રદ્ધા વગરનું હોય છે તે કુતર્ક તથા દુરાચરણ દ્વારા હમેશાં અસ્વસ્થ, ક્રોધાદિ યુકત અને દુ:ખી હોય છે એનો મેં મૂર્ખતાને લઇને કંઇ પણ વિચાર ન કર્યો. આખી પૃથ્વીના રાજ્યથી પણ સાત્વિકી શ્રદ્ધા વધારે સુખદાયી છે એવો વિચાર મેં મૂર્ખાઇને લઇને કદી પણ આદર પૂર્વક ન કર્યો. સાત્વિકી શ્રદ્ધા સઘળા સુખોની પ્રભાવશાળી જન્મદાત્રી છે, એ વિચાર મારા મનમાં પહેલો ઉત્પન્ન થયો હોત તો હું અત્યારે પરમાર્થ પ્રાપ્તિના પંથે કેટલો બધો આગળ વધી શકયો હોત ? અરે પૂજ્ય, પવિત્ર તથા પરોપકારી શ્રદ્ધા ! તું મારા હૃદયમાં કૃપા કરીને હમેશાં નિવાસ કર, મને શાંતિ દે, સુખ દે અને અત્યાર સુધીમાં મેં તારૂં જે અપમાન કર્યું છે તે કૃપા કરીને ભૂલી જા. ”

જેમ સૂર્યોદય થતાં જ ભૂત, ચોર, હિંસક પશુઓ, તેમજ ઘુવડ વિગેરે નિશાચર પક્ષીઓ સંતાઈ જાય છે તેમ મનુષ્યના હૃદયમાં સાત્વિકી શ્રદ્ધાનો આવિર્ભાવ થતાં જ સંશય, અજ્ઞાન, અસ્વસ્થતા, અને અનુત્સાહ અદશ્ય થઇ જાય છે.

જેવી રીતે સૂર્યોદય જુદા જુદા કમલોને પ્રફુલ્લિત કરે છે તેવી જ રીતે સાત્વિકી શ્રદ્ધાનો ઉદય મનુષ્યના અંતઃકરણનો તથા સુખમંડળનો સુંદર વિકાસ કરે છે.

જેમ ભાગ્યહીન મનુષ્યને આરોગ્ય, પતિવ્રતા સ્ત્રી, સુપુત્ર, સુંદર નિવાસસ્થાન, સ્પર્શમણી કે ચિંતામણી દુર્લભ હોય છે તેમ દુર્ભાગી મનુષ્યને માટે સાત્વિકી શ્રદ્ધા નિતાન્ત દુર્લભ છે. તમે શ્રદ્ધાવાન થશો એટલે અલ્પ બુદ્ધિવાન કે અલ્પ વિદ્યાવાન નહિ ગણાઓ, પરંતુ ઉલટા મહા બુદ્ધિશાળી તથા મહાવિદ્વાન ગણાશો. કેમકે જે સત્યને સત્ય સ્વરૂપે જાણે છે અને તેનું શુદ્ધ ભાવથી સન્માન કરે છે તેજ આ સંસારમાં મહા વિદ્વાન તેમજ મહા બુદ્ધિશાળી ગણાય છે.

અશ્રદ્ધા અત્યંત ભયંકર ડાકણ રૂપ છે. તે મનુષ્યના અંતઃકરણ વિગેરેના સાત્વિક બલરૂપ રૂધિરને ચુસી લેનારી છે એ વાત નહિ સમજવાને લઇને અનેક લોકો અશ્રદ્ધાના સેવનદ્વારા પોતાના ખરેખરા હિતને હાનિ પહોંચાડે છે.

અસત્ય રૂપ સર્વ દશ્ય પ્રપંચમાંથી સત્ય સ્વરૂપ પરમાત્મા સમીપ પહોંચાડનારી, મૃત્યુરૂપ વિષય તૃષ્ણામાંથી અમૃતરૂપ વિષય તૃષ્ણા રહિત સ્થિતિએ પહોંચાડનારી, અને અજ્ઞાનરૂપ ગાઢ અંધકારમાંથી જ્ઞાનરૂપ પરમ પ્રકાશમાં લઇ જનારી સાત્વિકી શ્રદ્ધા છે, એટલા માટે એ શ્રદ્ધા પરમાર્થના સાધનોમાં પરમ આદરણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**શેઠ શ્રી આણંદજી પુરૂષોત્તમદાસ તરફથી ચાલતા દેશી ઔષધાલય તરફથી દર માસે નીચે પ્રમાણે દરદીઓએ લાભ લીધો છે.**

જેમાં સાધુ, સાધ્વી મહારાજ, શ્રાવક, શ્રાવિકા, જૈનેતર વગેરેનો સમાવેશ થાય છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કારતક | ૪૨૫૭ | માગશર | ૩૬૩૩ | પોષ | ૩૪૭૯ | માહ | ૨૯૬૮ |
| ફાગણ | ૨૯૬૬ | ચૈત્ર | ૨૯૨૯ | વૈશાક | ૩૬૭૪ | જેઠ | ૪૦૪૭ |
| અશાડ | ૩૮૯૩ | શ્રાવણ | ૪૭૬૭ | ભાદરવો | ૪૬૯૮ | આશો | ૫૨૨૯ |

કુલ સંખ્યા— ૪૬૫૪૦

**આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસૂરીશ્વરજીની જયંતી**—આસો શુદ ૧૦ ના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી ઋષિમંડળની પૂજા ભાવનાપૂર્વક ભણાવવામાં આવી હતી. સાથે પરમાત્માની આંગી રચવામાં આવી હતી.

---

શ્રદ્ધા વિના એકનિષ્ટાનો ઉદય નથી થતો, એક નિષ્ટાના ઉદય વગર સદ્ગુરૂની ઉપાસનામાં કે શ્રવણાદિમાં અસાધારણ વેગથી પ્રવૃત્તિ નથી થતી, તેમજ ઈન્દ્રિય તથા અંતઃકરણનો નિગ્રહ નથી થઈ શકતો અને એ રીતે એ સર્વના અભાવે પરમાત્મ સાક્ષાત્કાર દ્વારા કૃતાર્થતા નથી થઇ શકતી.

તમે એક શ્રદ્ધાવાન મનુષ્યના વિચાર, તેની પ્રવૃત્તિ તથા બાહ્ય સ્થિતિનું શાંતિ પૂર્વક નિરીક્ષણ કરો, સાથે સાથે બીજા એક અશ્રદ્ધાયુકત મનુષ્યના વિચાર પ્રવૃત્તિ તથા બાહ્ય સ્થિતિનું પણ વિવેક પૂર્વક નિરીક્ષણ કરો. પછી એ બે પ્રકારના મનુષ્યોમાંથી જે સ્થિતિ તમારે માટે હિતકારક પ્રતીત થાય તેની સ્થિતિ તમે આદર પૂર્વક અંગીકાર કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરમાર્હત યશસ્વી ધર્મશીલ મહારાજાધિરાજ શ્રી કુમારપાળ કૃત આત્મનિન્દારૂપ જીનેન્દ્ર સ્તુતિનો રહસ્યાત્મક પદ્યાનુવાદ.

( ગતાંક પૃષ્ઠ ૭૪ થી શરૂ. )

કયારે પ્રભો નિજ દેહમાં પણ આપ બુદ્ધિને તજી,
શ્રદ્ધા જળે શુદ્ધિ કરેલા વિવેકને ચિત્તે સજી;
સમશત્રુ મિત્ર વિષે બની ન્યારો થઇ પરભાવથી,
રમીશ સુખકર સંયમે કયારે પ્રભો આનન્દથી. (૨૧)

ગત દોષ ગુણ ભંડાર જિનજી દેવ મ્હારે તુંજ છો,
સુરનર સભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તેજ છે;
એમ જાણીને પણ દાસની નહિં આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી ત્હમે ચિત્તે ધરો. (૨૨)

ષડ્ [1]વર્ગ મદનાદિકતણો જે જીતનારો વિશ્વને,
અરિહન્ત ઉજ્વળ ધ્યાનથી ત્હેને પ્રભુ જીત્યો તમે;
અસમર્થ તુજ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને. (૨૩)

સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા;
આચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે. (૨૪)

તુમ પાદ પદ્મ રમે પ્રભો નિત જે જનોના ચિત્તમાં,
સુર ઇન્દ્રને નર ઇન્દ્રની પણ એ જનોને શી તમા;
ત્રણલોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
સદ્દગુણોનો શુભ ગન્ધ એના આત્મ માંહે મહમહે. (૨૫)

અત્યંત નિર્ગુણ છું પ્રભો હું ક્રુર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો ભવ ભીમ સાગર સંચરૂં,
મુજ ભવ ભ્રમણની વાત જીનજી આપ વિણ કોને કરૂં ? (૨૬)

(૧) કામ, ક્રોધ, માન, વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજ નેત્ર રૂપ ચકોરને તું ચન્દ્ર રૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનન્દ ઉદધિમાં પડ્યો;
જે ભાગ્યશાળી ચિત્તમાં ચિન્તામણિ આવી ચડે,
કઇ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે. (૨૭)
હે નાથ આ સંસાર સાગર ડુબતા એવા મને,
મુક્તિ પૂરીમાં લઇ જવાને જહાજ રૂપે છો ત્હમે,
શીવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભો,
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો, (૨૮)
જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઇને પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃત પુણ્ય છે ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે. (૨૯)
હે નાથ નેત્રો મીંચીને ચલ ચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાન મુદ્રાને ધરી;
મુજ સર્વ કર્મ વિનાશ કારણ ચિન્તવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર માહરે ચિત્તે રમે. (૩૦)
ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો મેં અન્ય દેવોને સ્તવ્યાં,
પણ કોઈ રીતે મુક્તિ સુખને આપનારા નવ થયા;
અમૃત ભરેલા કુંભથી છોને સદાએ સીંચીયે,
આંબા તણા મીઠા ફળો પણ લીંબડા ક્યાંથી દીયે. (૩૧)
ભવજલધિમાંથી હે પ્રભો કરૂણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરનાં શુભ સદનમાં ધારજો;
આ ગુણી આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘપર દયાળુ સર્વના દુઃખો હરે. (૩૨)

( શાર્દૂલવિક્રીડિતં. )

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ તને ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઇ ન ગણું જેની કરૂં માગણી,
માગું આદર વૃદ્ધિ તોય તુજમાં એ હાર્દની લાગણી. (૩૩)
જાણી આર્હત ગુર્જરેશ્વર તણી વાણી મનોહારિણી,
શ્રદ્ધા સાગર વૃદ્ધિ ચન્દ્ર સરખી સંતાપ સંહારિણી;
ત્હેનો આ અનુવાદ મેં સ્વપરના કલ્યાણ માટે કર્યો,
શ્રીમન્નેમિ સૂરીન્દ્ર સેવન બળે જે ભક્તિ ભાવે ભર્યો. (૩૪)

સંગ્રાહક, કસ્તુરચંદ હેમચંદ દેશાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વીકાર અને સમાલોચના.

નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ ધર્મદેશના—હિંદી લેખક સ્વ૦ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી. પ્રકાશક–સેક્રેટરી શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા—ભાવનગર. મૂલ્ય સદુપયોગ

૨ અમૃત–સરિતા ભાગ ૧ લો લેખક શેઠ મહાસુખભાઇ ચુનીલાલ—વીસનગર
કિંમત રૂા. ૧–૮–૦

## વોરા ગિરધરભાઇ ગોરધનદાસનો સ્વર્ગવાસ.

વોરા ગિરધરભાઇ શુમારે છાસઠ વર્ષની વયે થોડા દિવસની બિમારી ભોગવી તા. ૧૫–૧૦–૩૦ ના રોજ પંચત્વ પામ્યા છે. ભાઇ ગિરધરભાઇ શહેર ભાવનગરના પ્રખ્યાત વોરા જૈન કુટુંબમાં જન્મ્યા હતા. સ્વભાવે મિલનસાર, હસમુખા અને હાજરજવાબી હતા. પોતે શિક્ષણ ઓછું લીધેલ છતાં સાક્ષરો ઉપર પ્રેમ ધરાવતા હતા, જેને લઇને જે જે સાક્ષરો ભાવનગરમાં આવતા તેમના સંબંધમાં જલદીથી આવતા હતા. સંગીત શિખ્યા નહિં હોવા છતાં તે વસ્તુ પ્રિય હોવાથી સારા સારા સંગીતના ઉસ્તાદો અત્રે આવતા તેમને શ્રવણ કરતા અને તેના શોખ ધરાવનારને પણ સાથે સાંભળવા લઇ જતા. સાહિત્યના અભ્યાસી કે જાણકાર નહિં છતાં સારા સારા પુસ્તકો કયા છે તે અન્ય પાસેથી જાણી વાંચવાનો પ્રયત્ન કરતા હતા. આ સભાની લાઇબ્રેરીમાં વધતા જતાં પુસ્તકો–સાહિત્યના અનેક ગ્રંથોનો સંગ્રહ થયેલો જોઇ પ્રમોદ પામતા હતા. આ સભા સ્થાપન થઇ ત્યારથી જ સભાસદ અને ટ્રેઝરર હોવા છતાં છેવટ સુધી તીવ્ર લાગણી ધરાવવા સાથે તેની નિરંતર આબાદિ ઇચ્છનાર હોવા સાથે કોઇ કોઇ વખતે થતાં ખળભળાટ વખતે સભાને સ્ખલના ન પહોંચે, તેના કાર્યવાહકોનો ઉત્સાહ મંદ ન થાય, કાર્ય કરતાં બંધ ન થાય તે માટે જાહેરમાં અને ખાનગીમાં મક્કમ રહેતાં અને તે ધ્યેય સાચવવા બરાબર સાવધાન રહેતાં. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક યોગ્ય અને વૃદ્ધ સભાસદની સભાને ખોટ પડી છે. તેમના સ્વર્ગવાસથી સભાને થયેલ દિલગીરી દર્શાવવા આ સભાની જનરલ સભા તા. તા. ૧૭–૧૦–૩૦ મેળવવામાં આવી હતી. છેવટે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## [illegible]ન ઉત્સવના લાભાર્થે

# ઘટાડેલા ભાવો.

નીચેનાં જૈન પુસ્તકો જેની દરેકની એક ઉપરાંત ઘણી આવૃતિઓ થયેલ છે તે જ તેના ઉપયોગીપણાની સાબીતિ છે, જેની દશ દશ હજાર નકલો ખપી ગઇ છે તેજ તેનો પુરાવો છે તો ભુલાશો તો રહી જશો.

| | મૂળ કીંમત | ઘટાડેલા ભાવ |
|---|---|---|
| જૈન સજ્ઝાયમાળા ભાગ ૧-૨-૩-૪ ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| કર્મ પરીક્ષા ને દૈવી ચક્રનો ચમત્કાર ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| તિર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃતિ ૨ જી ... ... | ૨-૮-૦ | ૨-૦-૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃતિ ૩ જી ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના ... ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| જૈન કાવ્ય સંગ્રહ ભાગ ૭ મો ... ... ... | ૦-૮-૦ | ૦-૬-૦ |
| અમૂલ્ય શિક્ષા ... ... ... ... ... | ૦-૮-૦ | ૦-૪-૦ |
| જૈન સુબોધ ભકિતમાળા આવૃતિ બીજી ... ... | ૦-૫-૦ | ૦-૩-૦ |
| વૈરાગ્ય શતક ભાષાંતર ... ... ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| સૂયગડાંગ સૂત્રનું ભાષાંતર ભાગ ૧ લો ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| નિત્ય નિયમની પોથી ... ... ... ... | ૦-૩-૦ | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાયનાં દરેક પુસ્તકો જૈન તેમજ જૈનેતર ઘણા જ કીફાયતથી મળશે. વધુ હકીકત સારૂ ટપાલથી લખો જુના અને જાણીતા જૈન બુકસેલર—

**બાલાભાઇ છગનલાલ શાહ.**

ઠે૦ કીકાભટ્ટની પોળ, મુ૦ અમદાવાદ.


( पूज्य श्री संघदासगणि-वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો–મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭ કાર્તિક આત્મ સં. ૩૫. અંક ૪ થો.


## મહામોહની શક્તિ

" વિશ્વમાં મહામોહ જેવો બીજો કોઇ શુરવીર નથી. તે થોડાજ વખતમાં વિશ્વને ચકડોળે ચડાવે છે, ચક્રવર્ત્તિ અને ઇન્દ્ર જેવા જેઓ જગતના રાજા ગણાય છે તેઓ પણ આ મહા મોહના નોકરો જેવા થઇને રહેલા છે. આ મહામોહની આગળ તેઓ પોતાના સત્ય સ્વરૂપનું ભાન ભૂલીને માયામાં આસકત થઇ રહેલા છે. આકાશની માફક સ્થાવર અને જંગમ જગત્માં મહામોહ વ્યાપીને રહ્યો છે. મહામોહના એક અંશમાંથી રાગદ્વેષાદિ વિભૂતિઓ બહાર નીકળીને વિશ્વના જીવોનું ભાન ભૂલાવી દઇ પાછી તેમાં જ લય થઇ જાય છે. પરમાર્થને જાણનારા, આત્માની મહાન શકિતઓનો અનુભવ કરનારા પણ ઇન્દ્રિયોના વિષયોનાં સુખમાં લલચાઇ જાય છે તો પછી બીજાની તો વાત જ શી કરવી ? શાસ્ત્રોને જાણનારા, પંડિતોમાં ખપનારા પણ જાણતાં અજાણતાં આ મહામોહમાં ફસાઇ જાય છે. જીનેશ્વર ભગવાનની આજ્ઞા માનનારા પણ પ્રસંગે કષાયને વશ થઇ જાય છે તેમાં આ મહામોહનો જ હાથ અંદરખાને હોય છે. ઉત્તમ મનુષ્ય જન્મ અને વીતરાગ પ્રભુનું શાસન પામીને પણ તત્ત્વને જાણનારા જીવો ગૃહસ્થાવાસમાં આસકત થઇ પડ્યા રહે છે તે આ મહામોહનોજ પ્રતાપ છે. સાધુ જીવનમાં મોહનું જોર ઘટવું જોઇએ, છતાં ત્યાં પણ આ બહુરૂપી મહામોહે જુદાં જુદાં રૂપાંતરો ધારણ કરીને ધર્મને નામે તેમને પોતાની જાળમાં સપડાવેલા જણાય છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં અસ્ખલિતપણે તે પોતાનો પ્રતાપ વિસ્તારી રહેલો છે. મોહના જોરથી મિત્રો મિત્રોને ઠગે છે; કુળની, ધર્મની અને જાતિની મર્યાદા મૂકીને પુરૂષો પરસ્ત્રીમાં આસકત થાય છે. પ્રેમાળ પતિને મૂકીને કુળવાન સ્ત્રીઓ પરપુરૂષ સાથે આડે માર્ગે ચાલે છે. જે ગુરૂની કૃપાથી જ્ઞાન ભણીને શિષ્ય હુશિયાર થયો તેજ ગુરૂનો તે વિરોધ બની સામો થાય છે. આ મોહનોજ પ્રતાપ છે, રાજાઓ પ્રજાને પીડે છે, પારકાના ભોગે પોતે આનંદ માને છે,

બીજાનો નાશ કરીને પોતાનું પોષણ કરે છે એમાં, એ મોહરાજાનો જ હાથ છે "

આચાર્ય શ્રી વિજયકેશરસૂરિ